પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૬૬ | ૨૭ ઓગસ્ટ, ૨૦૨૨, શનિવાર; શ્રાવણ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

ગુલામનબી અંતે કોંગ્રેસથી 'આઝાદ' થયા

દાયકાઓથી કોંગ્રેસ સાથે સંકળાયેલા હતા : કેન્દ્રમાં મહત્વના મંત્રાલયો સંભાળી ચૂકેલા ગુલામ નબી ઘણા સમયથી કોંગ્રેસ પાર્ટીથી નારાજ હતા : વર્ષ ૨૦૨૧માં રાજ્યસભાની ટર્મ પુરી થઈ હતી

નવી દિલ્હી, તા.૨૬

કોંગ્રેસ સાથે અનેક દાયકા સુધી સંકળાયેલા રહેલા અને દેશના પીઢ રાજકારણી તરીકે ઓળખાતા ગુલામ નબી આઝાદે આખરે પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. કેન્દ્ર સરકારમાં અનેક મહત્વના મંત્રાલયો સંભાળી ચૂકેલા ગુલામ નબી આઝાદ ઘણા સમયથી કોંગ્રેસથી નારાજ હતા. તેમની રાજયસભાની ટર્મ ફેબ્રુઆરી ૨૦૨૧માં સમાપ્ત થઈ ગઈ હતી. જોકે, કોંગ્રેસે તેમને રિપીટ નહોતા કર્યા, બીજી તરફ ગુલામ નબીના વિદાયમાં પીએમ મોદીએ ઈમોશનલ થઈ તેમના વખાણ કરતા ગુલામ નબી આઝાદ ભાજપમાં જોડાશે કે કેમ તેવી ચર્ચાઓ પણ શરુ થઈ હતી.

૧૯૪૯માં જન્મેલા અને જમ્મુ કાશ્મીરથી આવતા ગુલા નબી આઝાદે હાલમાં જ કોંગ્રેસની પ્રચાસ સમિતિમાં નિમણૂંક થયાના કલાકોમાં જ રાજીનામું આપતા તેમનું આગામી પગલું શું હશે તેના પર સૌની નજર હતી.

કોંગ્રેસથી નારાજ નેતાઓના જૂથ જી-૨૩ના આઝાદ વડા પણ હતા. તેમણે આજે સોનિયા ગાંધીને સંબોધીને પાંચ પાનાંનો લાંબો લચક પત્ર લખીને પક્ષ છોડવાની જાહેરાત કરી હતી.

આઝાદ કાશ્મીરમાં પાર્ટી બનાવશે

ભાજપમાં સામેલ થવાનો આઝાદનો ઈનકાર : તેમણે ફરી એક વખત રાષ્ટ્રીય રાજકારણથી જમ્મુ-કાશ્મીરના રાજકારણમાં પરત ફરવાનો સંકેત આપી દીધો

નવી દિલ્હી, તા.૨૬

જમ્મુ-કાશ્મીરના પૂર્વ સીએમ ગુલામ નબી આઝાદે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધા બાદ મોટું એલાન કર્યું છે. તેઓ જમ્મુ કાશ્મીર પાછા આવશે અને પોતાની પાર્ટી બનાવશે. આઝાદે બીજેપીમાં સામેલ થવાની ખબરોને પણ નકારી કાઢી છે. તેમણે કહ્યું કે, મારા વિરોધી છેલ્લા ૩ વર્ષથી કહી રહ્યા છે કે, હું ભાજપમાં જઈ રહ્યો છું. તેઓએ તો મને રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ પણ બનાવી દીધા.

તેમણે જણાવ્યું કે, તેઓ નવી પાર્ટી બનાવશે. તેની સાથે જ તેમણે ફરી એક વખત રાષ્ટ્રીય રાજકારણથી જમ્મુ-કાશ્મીરના રાજકારણમાં પરત ફરવાનો પણ સંકેત આપી દીધો છે.

આઝાદે કહ્યું કે, હું જમ્મુ પણ આવીશ, કાશ્મીર પણ આવીશ. તેમણે કહ્યું કે, જમ્મુ કાશ્મીરમાં અમે પોતાની પાર્ટી બનાવીશું. ત્યારબાદ રાષ્ટ્રીય સ્તરે પણ નજર આવીશું.

૧ ઓક્ટોબરથી ડેબિટ-ક્રેડિટ કાર્ડના નવા નિયમો

નિયમો લાગુ કરવા આરબીઆઈએ આપી ડેડલાઈન : નવા નિયમથી ગ્રાહકો સાથે ફ્રોડ થવાની ઘટના ઓછી થશે

નવી દિલ્હી, તા.૨૬

ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડનો ઉપયોગ કરતા લોકો માટે મહત્વપૂર્ણ સમાચાર આવ્યા છે. ૧ ઓક્ટોબરથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના કાર્ડ-ઓન-ફાઈલ ટોકનાઈઝેશન નિયમમાં ફેરફાર થવા જઈ રહ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનું કહેવું છે કે, ટોકનાઈઝેશન સિસ્ટમમાં ફેરફાર બાદ કાર્ડધારકોના પેમેન્ટ સુવિધામાં સુધારો થશે અને ડેબિટ કાર્ડ અને ક્રેડિટ કાર્ડના વ્યવહારો પહેલા કરતા વધુ સુરક્ષિત રહેશે.

આરબીઆઈના નિયમ મુજબ હવેથી ગ્રાહક ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ દ્વારા ઓનલાઈન, પોઈન્ટ ઓફ સેલ અથવા એપ દ્વારા વ્યવહાર કરશે ત્યારે તમામ વિગતો એનક્રિપ્ટેડ કોડમાં સાચવવામાં આવશે.

નવી પ્રણાલી હેઠળ રિઝર્વ બેંકે પેમેન્ટ કંપનીઓને ગ્રાહકોના ક્રેડિટ કાર્ડ અથવા ડેબિટ કાર્ડનો ડેટા સ્ટોર કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. પેમેન્ટ કંપનીઓએ હવે કાર્ડના બદલે વૈકલ્પિક કોડ આપવો પડશે, જેનું નામ ટોકન છે. આ ટોકન યુનિક હશે અને તે જ ટોકન એકથી વધારે કાર્ડ્સ માટે કામ કરશે. આ લાગુ થયા પછી ઓનલાઈન પેમેન્ટ માટે સીધા કાર્ડનો ઉપયોગ કરવાને બદલે એક યુનિક ટોકનનો ઉપયોગ કરવો પડશે. આરબીઆઈના આ નવા નિયમ મુજબ ગ્રાહક પાસેથી મંજૂરી લીધા વિના તેની ક્રેડિટ લિમિટ વધારી શકાશે નહીં. ઉપરાંત જો કોઈ ચૂકવણી કરવામાં આવી ન હોય તો વ્યાજ ઉમેરતી વખતે ચાર્જ અથવા ટેક્સ વગેરેનું કેપિટલાઈઝેશન કરી શકાશે નહિ.

રિઝર્વ બેંકનું કહેવું છે કે કાર્ડના બદલામાં ટોકન વડે પેમેન્ટની સિસ્ટમ લાગુ થવાને કારણે ફ્રોડના કેસમાં ઘટાડો થશે. હાલમાં ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડની માહિતી લીક થવાને કારણે ગ્રાહકો સાથે છેતરપિંડીનું જોખમ વધી રહ્યું છે. નવી સિસ્ટમથી છેતરપિંડીના આવા કેસમાં ઘટાડો થવાની અપેક્ષા છે.

રેવડી કલ્ચર મુદ્દો સુપ્રીમે ૩ જજની બેન્ચ પાસે મોકલ્યો

મતદાતાઓ જ પાર્ટીઓના ભવિષ્યનો નિર્ણય લે છે : નિષ્ણાતોની કમિટી રચવામાં આવે તે યોગ્ય, પહેલા અનેક સવાલો પર વિચારણા જરૂરી હોવાનો સુપ્રીમનો અભિપ્રાય

નવી દિલ્હી, તા.૨૬

સુપ્રીમ કોર્ટે ચૂંટણી દરમિયાન આપવામાં આવતા મફતની સુવિધાઓના વચનનો મુદ્દો ફેરવિચારણા માટે ૩ જજની બેન્ચ પાસે મોકલી આપ્યો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, એ વાતને નકારી ન શકાય કે, ચૂંટણીલક્ષી લોકશાહીમાં અસલી તાકાત મતદારો પાસે હોય છે. મતદાતાઓ જ પાર્ટીઓ અને ઉમેદવારોના ભવિષ્યનો નિર્ણય લે છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, આ મામલે નિષ્ણાતોની કમિટી રચવામાં આવે તે યોગ્ય રહેશે. પરંતુ તે પહેલા અનેક સવાલો પર વિચારણા થાય તે જરૂરી છે. ૨૦૧૩ના સુબ્રમણ્યમ બાલાજીના નિર્ણયની સમીક્ષા કરવામાં આવે તે જરૂરી છે. આ કેસ ૩ જજની વિશેષ બેન્ચને સોંપવામાં આવે છે.

વિશ્વના બાવીસ નેતાઓની યાદીમાં નરેન્દ્ર મોદી ટોપ પર

પીએમ નરેન્દ્ર મોદી બાદ મેક્સિકોના રાષ્ટ્રપતિ છે ત્યારબાદ ઇટાલીના પીએમ મારિયા ડ્રેગી ત્રીજા સ્થાને

નવી દિલ્હી, તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા દુનિયાભરમાં યથાવત

છે. મોર્નિંગ કંસલ્ટ સર્વે પ્રમાણે ૭૫ ટકાના અપ્રૂવલ રેટિંગની સાથે પીએમ મોદી એકવાર ફરી ગ્લોબલ રેટિંગમાં ટોપ પર છે. પીએમ મોદી બાદ મેક્સિકોના રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મૈનુઅલ લોપેઝ ઓબ્રેડોર અને ઇટાલીના પ્રધાનમંત્રી મારિયો ડ્રેગી ૬૩ ટકા અને ૫૪ ટકા રેટિંગની સાથે ક્રમશઃ બીજા અને ત્રીજા સ્થાને છે.

દુનિયાના ૨૨ નેતાઓની યાદીમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન ૪૧ ટકા રેટિંગની સાથે પાંચમાં સ્થાને છે. બાઈડેન બાદ કેનેડાના રાષ્ટ્રપતિ જસ્ટિન ટ્રુડો (૩૯ ટકા) અને જાપાની પ્રધાનમંત્રી કિશિદા (૩૮ ટકા) છે.

મોર્નિંગ કંસલ્ટ પોલિટિકલ ઈન્ટેલિજન્સ વર્તમાનમાં ઓસ્ટ્રેલિયા, ઓસ્ટ્રિયા, બ્રાઝીલ, જર્મની, ભારત, મેક્સિકો, નેધરલેન્ડ, દક્ષિણ કોરિયા, સ્પેન, સ્વીડન અને સંયુક્ત રાજ્ય અમેરિકામાં સરકારી નેતાઓ અને દેશના ટ્રેજેક્ટોરીના અનુમોદન રેટિંગ પર નજર રાખે છે. આ પહેલા જાન્યુઆરી ૨૦૨૨ અને નવેમ્બર ૨૦૨૧માં દુનિયાના સૌથી લોકપ્રિય નેતાઓની યાદીમાં પીએમ મોદી ટોપ પર હતા.

આ મંચ રાજકીય ચૂંટણીઓ, ચૂંટાયેલા અધિકારીઓ અને મતદાનના મુદ્દા પર રીયલ-ટાઈમ મતદાન ડેટા પ્રદાન કરે છે. કંસલ્ટ દરરોજ ૨૦ હજારથી વધુ ગ્લોબલ ઈન્ટરવ્યૂ આયોજીત કરે છે. અમેરિકામાં એવરેજ સેમ્પલ સાઈઝ ૪૫,૦૦૦ છે. અન્ય દેશોમાં સેમ્પલ સાઈઝ ૫૦૦-૫૦૦૦ વચ્ચે હોય છે.

વયસ્કોના રાષ્ટ્રીય સ્તર પર પ્રતિનિધિ વચ્ચે બધા ઈન્ટરવ્યૂ ઓનલાઈન આયોજીત કરવામાં આવે છે. ભારતમાં સેમ્પલ સાક્ષર વસ્તીના પ્રતિનિધિ છે.

જેઈઈ એડવાન્સ શિડ્યુલ મુજબ ૨૮ ઓગસ્ટે લેવાશે

નવી દિલ્હી, તા.૨૬

આઈઆઈટી સહિતની કેન્દ્ર સરકારની પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટેની જેઈઈ પરીક્ષાને લઈને સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે, ૨૮ ઓગસ્ટે નિયત શિડ્યુલ પ્રમાણે જ જેઈઈ એડવાન્સ પરીક્ષા લેવામાં આવશે. ફરી વખત જેઈઈ મેઈન પરીક્ષા લેવામાં નહીં આવે.

આ પહેલા સુપ્રીમ કોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી કે, જેઈઈ મેઈન પરીક્ષા માટે વિદ્યાર્થીઓને બીજો મોકો આપવામાં આવે. કારણકે જેઈઈ મેઈન પરીક્ષા દરમિયાન ઘણી જગ્યાએ સેન્ટર પર ટેકનિકલ ખામીના કારણે વિદ્યાર્થીઓ ૫૦ જેટલા સવાલોના જવાબ આપી શક્યા નહોતા. જોકે સુપ્રીમ કોર્ટે આ પિટિશન એમ કહીને ફગાવી દીધી હતી કે, અમે આ પરીક્ષામાં વધારે ગૂંચવાડો ઉભો થાય તેવુ ઈચ્છતા નથી. જાહેર પરીક્ષાઓ નિયમિત રીતે લેવાય તે જરૂરી છે અને સમયસર જેઈઈ એડવાન્સ પરીક્ષા યોજાય તે જરૂરી છે.

સોનાલી ફોગાટના પીએ સાંગવાને ગુનો કબૂલ્યો

પણજી, તા.૨૬

બીજેપી નેતા સોનાલી ફોગાટ મર્ડર કેસમાં મોટું અપડેટ સામે આવ્યું છે. ગોવા પોલીસે દાવો કર્યો છે કે સોનાલી ફોગાટના પીએ સુધીર સાંગવાને પોતાનો ગુનો કબૂલી લીધો છે. હકીકતમાં, ગોવા પોલીસે શુક્રવારે સોનાલી ફોગાટની હત્યાના સંબંધમાં સુખવિંદર સિંહ સાથે તેના અંગત સહાયક સુધીર સાંગવાનની ધરપકડ કરી હતી. શુક્રવારે પત્રકારોને સંબોધતા પોલીસ મહાનિરીક્ષક ઓમવીર સિંહ બિશ્નોઈએ કહ્યું કે સાંગવાને પોતાનો ગુનો કબૂલી લીધો છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે ગોવા પહોંચ્યા પછી, તે સુખવિંદર સાથે સોનાલી ફોગાટને પાર્ટીના

● અનુસંધાન પાન-૭ પર

મુરાદાબાદમાં ભંગારના ગોડાઉનમાં ભીષણ આગથી પાંચના મોત

ઈમારત સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ : મુખ્યમંત્રી યોગીએ દુર્ઘટનામાં જાનહાનિ પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી : ઘાયલોને યોગ્ય સારવારની સૂચના

મુરાદાબાદ, તા.૨૬

ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં એક ભંગારના ગોડાઉનમાં શંકાસ્પદ સંજોગોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં ૩ બાળકો સહિત કુલ ૫ લોકોના સળગી જવાથી મોત થયા છે.

આ સિવાય અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આગ ઓલવવાના પ્રયાસો ચાલુ છે. ફાયર બ્રિગેડની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

લાખોના નુકશાનની સંભાવના. સ્થાનિક લોકો પણ આગ ઓલવવાના પ્રયાસો કરી રહ્યા છે. ભંગારના વેપારીના મકાનની નીચેના ભાગે બનાવેલા ભંગારના ગોડાઉનમાં આગ લાગી છે. આગ ઉપરના બે માળ સુધી પહોંચી, ઘટના ગલશહીદ પોલીસ સ્ટેશન વિસ્તારની જણાવવામાં આવી રહી છે. ઈમારત સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ છે.

આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ જણાવવામાં આવી રહ્યું છે, આગ એટલી ઝડપથી ફેલાઈ કે તેણે આખી ઈમારતને લપેટમાં લઈ લીધી. ઘટના સમયે એક જ પરિવારના ૫ લોકો ફસાઈ ગયા હતા. જોઓ મૃત્યુ પામ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે, ઘરની નીચે ટાયરનો વેરહાઉસ હતો. ત્યાં

પહેલા આગ લાગી હતી. થોડી જ વારમાં આગ આખા ઘરને લપેટમાં લઈ લીધી. ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને આગ ઓલવવાનું કામ કરી રહી છે.

ઘરમાં ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ડીએમ, એસએસપી સહિત પોલીસ દળ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. મૃતકોમાં ૭ વર્ષની નાફિયા, ૩ વર્ષની ઈબાદ, ૧૨ વર્ષની ઉમેમા, ૩૫ વર્ષની શમા પરવીન, ૬૫ વર્ષની કમર આરાનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મુરાદાબાદમાં થયેલી દુર્ઘટનામાં જાનહાનિ પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે. અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને યોગ્ય સારવાર આપવા સૂચના આપવામાં આવી છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીએ મુરાદાબાદ જિલ્લામાં થયેલા અકસ્માતમાં જાનહાનિ પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીએ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને ઘાયલોને યોગ્ય સારવાર આપવાના નિર્દેશ આપ્યા છે.

મસ્ક વર્ષના અંત સુધીમાં સ્ટારલિન્ક V2 લોન્ચ કરશે

વિશ્વના દરેક ખૂણે હવે મોબાઈલ નેટવર્ક પહોંચશે

ન્યુયોર્ક, તા.૨૬

એલોન મસ્કે પોતાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સ્ટારલિંકને લઈને નવી જાહેરાત કરી છે. મસ્કે ટ્વીટ કર્યું છે કે, આગામી વર્ષ સુધીમાં સ્ટારલિક વી૨ લોન્ચ કરશે. તે સીધા મોબાઈલ ફોનને નેટવર્ક ઉપલબ્ધ કરાવશે. તેના દ્વારા આપણે વિશ્વના ડેડ ઝોનમાં પણ મોબાઈલ નોટવર્ક પહોંચાડી દઈશું. એટલે કે, વિશ્વના દરેક ખૂણે હવે મોબાઈલ નેટવર્ક પહોંચશે.

મસ્કે પોતાના ટ્વીટમાં આગળ કહ્યું કે, અમે પ્રતિ સેલ ઝોન ૨થી ૪ એમબાઈટ્સની કનેક્ટિવટી ઉપલબ્ધ કરાવીશું. તે વોઈસ કોલ અને ટેક્સ્ટ મેસેજ માટે શાનદાર કામ કરશે પરંતુ તે હાઈ બેંડવિથ માટે નહીં હશે.

ટી-મોબાઈલએ મસ્કના સ્પેસએક્ટ સ્ટારલિંક સેટેલાઈટ ઈન્ટરનેટ સાથે પાર્ટનરશિપની જાહેરાત કરી છે. ટી-મોબાઈલએ કહ્યું કે, વિશ્વના મોબાઈલ ડેડ ઝોનથી આપણને ટૂંક સમયમાં છૂટકારો મળી જશે. સ્પેસ એક્ટના સ્ટારલિંક ઉપગ્રહ ઈન્ટરનેટ સાથે એક નવી ભાગીદારી માટે ધન્યવાદ.

મંદી વચ્ચે પણ બેન્ક ધિરાણની માગ વધી

મુંબઈ, તા.૨૬

મોંઘવારી અને મંદીની આશંકાઓ વચ્ચે પણ બેક ધિરાણની માંગ બે આંકડામાં વધી રહી છે. જૂન ક્વાર્ટર દરમિયાન બેક્રોના ક્રેડિટ ગ્રોથમાં ૧૪.૨ ટકાનો વધારો નોંધાયો છે જે વર્ષ પૂર્વેના સમાન ત્રિમાસિકમાં માત્ર ૬ ટકા હતો. જૂન ૨૦૨૨ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં બેંક ધિરાણ વૃદ્ધિ ઝડપી ૧૪.૨ ટકા થઈ હતી જે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં ૬ ટકા હતી, આરબીઆઈના ડેટા ગુરુવારે દર્શાવે છે. રિઝર્વ બેક્રના આંકડા અનુસાર માર્ચ ૨૦૨૨માં સમાપ્ત થયેલા ક્વાર્ટરમાં બેક્રોનું ધિરાણ ૧૦.૮ ટકા વધ્યુ હતુ.

ભારત અને અફઘાનિસ્તાનની ધરતી ભૂકંપથી ધણધણી ઊઠી

સૌથી પહેલા મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ભૂકંપના આંચકા : કોલ્હાપુરમાં જમીનથી ૧૦ કિમી અંદર ભૂકંપનું કેન્દ્રબિંદુ

નવી દિલ્હી, તા.૨૬

આજે વહેલી સવારે ભૂકંપના કારણે ભારત અને અફઘાનિસ્તાનની ધરતી ધણધણી ઉઠી હતી. સૌથી પહેલા મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં સવારે ૨:૨૧ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. કોલ્હાપુરમાં ૩.૯ રિક્ટર સ્કેલની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના અહેવાલ પ્રમાણે જમીનથી ૧૦ કિમી અંદર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયુ હતું અને હજુ સુધી જાન-માલના નુકસાનને લગતા કોઈ સમાચાર સામે નથી આવ્યા. મહારાષ્ટ્ર બાદ અફઘાનિસ્તાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના આંકડાઓ પ્રમાણે સવારે ૨:૫૫ કલાકે ૪.૩ની તીવ્રતાનો ધરતીકંપ નોંધાયો હતો. તેનું કેન્દ્ર જમીનથી ૮૦ કિમી અંદર હતું અને તેના ભૂકંપના કારણે રાજધાની કાબુલની આસપાસના વિસ્તારો પ્રભાવિત થયા હતા. ત્યાર બાદ સવારે ૩:૨૮ કલાકે જમ્મુ કાશ્મીરના કટરા વિસ્તારમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૪ નોંધાઈ હતી અને તેનું કેન્દ્ર જમીનથી ૫ કિમી અંદર નોંધાયું હતું. સદનસીબે જાન-માલના નુકસાનને લગતી કોઈ ઘટના નથી નોંધાઈ.

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર તથા ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ

હાર્દિક નિમંત્રણ

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર તથા ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮/૮/૨૦૨૨ને રવિવારના રોજ બપોરે ૨-૦૦ કલાકે ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા રાજપૂત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર રાજપૂત સમાજના ભાઈઓ-બહેનોને સન્માનવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં રાજપૂત સમાજના બધા જ ભાઈઓ - બહેનોને સમયસર પધારવા હાર્દિક નિમંત્રણ છે.

વિક્રમસિંહ એસ. ગોલ
પ્રમુખ
શ્રી રાજપૂત સમાજ
ગાંધીનગર

પ્રદિપસિંહ પી. બિહોલા
મહામંત્રી
શ્રી રાજપૂત સમાજ
ગાંધીનગર

ડો. શંકરસિંહ આર. રાણા
પ્રમુખ
ગાંધીનગર જિલ્લા રાજપૂત
સમાજ સેવા ટ્રસ્ટ

ભરતસિંહ બી. બિહોલા
મહામંત્રી
ગાંધીનગર જિલ્લા રાજપૂત
સમાજ સેવા ટ્રસ્ટ